




# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



સુરત ચેરીટી ફંડ
સંચાલિત
શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડા. ભટ્ટ હોસ્પિટલ
બાલાજી રોડ, સુરત. ૦૨૬૧-૨૬૦૪૦૦૦
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...
સરકારશ્રીની
'મા અમૃતમ' યોજના હેઠળ
નિ:શુલ્ક સેવાઓ મેળવો....
(જનરલ સર્જરી, ગાયનેક સર્જરી,
ઈ.એન.ટી.(ENT) સર્જરી, ડાયાલીસીસ)



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૧ * * * સંવત ૨૦૮૦ ચૈત્ર વદ ત્રીજ, શનિવાર ૨૭ એપ્રિલ, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૧૩૯

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦


# ઈવીએમ સાથે ચેડાની શંકા સુપ્રીમે ફગાવી

**આ મતદાન** યંત્રોને સલામત ગણાવ્યા, મતપત્રકો વડે મતદાન તરફ પાછા વળવાની માગ સુપ્રીમ કોર્ટે ફગાવી

**ઇવીએમમાં** પડેલા મતોનું ૧૦૦ ટકા વેરિફિકેશન વીવીપેટ સાથે કરવાની માગ પણ સુપ્રીમ કોર્ટે નકારી કાઢી

**ઇચ્છિત** પરિણામો લાવવા ઇવીએમ સાથે ચેડા કરી શકાય છે તેનો કોઇ પુરાવો નહીં મળ્યો હોવાનું જણાવ્યું

**નવી દિલ્હી, તા. 26 (PTI):** વિજાણુ મતદાન યંત્રો સાથે ચેડા થઇ શકે છે એવી શંકાને આધાર હિન ગણાવતા સુપ્રીમ કોર્ટે આજે જૂની મતપત્રકો વડે મતદાનની પ્રણાલી તરફ પાછા વળવાની માગ ફગાવી હતી અને કહ્યું હતું કે આ મતદાન યંત્રો સલામત છે અને તે બૂથ કેપ્ચરિંગ અને બોગસ વૉટિંગના દૂષણો નાબૂદ કરે છે. આપવામાં આવેલા તમામ મતોનું ક્રોસ વેરિફિકેશન વીવીપેટ સાથે કરવાની માગણી પણ સુપ્રીમ કોર્ટે ફગાવી હતી.

જો કે સુપ્રીમ કોર્ટે કેટલાક ચોક્કસ આદેશો ચૂંટણી પ્રકિયા સંદર્ભમાં આજે આપ્યા હતા. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપંકર દત્તાની બેન્ચે બેલેટ પેપર સિસ્ટમ તરફ પાછા વળવાની માગ ફગાવતા કહ્યું હતું કે વારંવાર દોહરાવાતા અને પર્વતતા રહેલા અવિશ્વાસ અને શંકાઓ, જે કોઈ પણ જાતના ટેકાના પુરાવાઓ વગરના છે તે લોકોમાં અવિશ્વાસ જગાવવાની અસર ધરાવ છે. મતદાન વ્યવસ્થાએ સુરક્ષા, જવાબદારી અને ચોકસાઇના સિદ્ધાંતોનું પાલન કરવું જ જોઇએ. અમારા વિચાર પૂર્વકના અભિપ્રાય મુજબ આ વિજાણુ મતદાન યંત્રો(ઈવીએમ) સાદા, સરળ અને યુઝર ફ્રેન્ડલી છે. મતદારો, ઉમેદવારો, તેમના પ્રતિનિધિઓ અને ચૂંટણી પંચના અધિકારીઓ ઈવીએમ સિસ્ટમની બાબતોથી વાકેફ છે. તેમણે પણ આની સચ્ચાઈ અને પ્રમાણિકતા ચકાસી છે એ મુજબ બેન્ચે જણાવ્યું હતું. ઈવીએમ્સની મેમરી સાથે ઇચ્છિત પરિણામો લાવવા માટે ચેડા કરી શકાય છે તે બાબતને કોઈ આધાર મળ્યો નથી એમ સુપ્રીમ કોર્ટની બેચે કહ્યું હતું.

બંને જસ્ટિસોએ જુદા જુદા પરંતુ એકબીજા સાથે સહમત થતા ચુકાદાઓ આપ્યા હતા. જ્યારે આજે

...અનુસંધાન પાના 9 પર

## મોદીએ ચુકાદાને આવકારી વિપક્ષોને ઝાટક્યા

**કોંગ્રેસે** કહ્યું કે તે વીવીપેટના વ્યાપક ઉપયોગ માટેનું અભિયાન ચાલુ રાખશે

**નવી દિલ્હી, અરારીયા :** સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો તે બાબતે બિહારના અરારીયામાં એક રેલીને સંબોધન કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે આ ચુકાદો કોંગ્રેસની આગેવાની હેઠળના વિપક્ષના ચહેરા પર સખત તમાચો છે અને તેણે લોકોમાં ઇવીએમ અંગે અવિશ્વાસ જન્માવવા બદલ માફી માગવી જ જોઇએ. તેમનું (વિપક્ષનું) સપનું ચૂર ચૂર થઇ ગયું છે એમ મોદીએ કહ્યું હતું. ભાજપના અન્ય નેતાઓએ પણ ચુકાદાને આવકાર્યો હતો. તો બીજી બાજુ કોંગ્રેસે એક્સ પ્લેટફોર્મ પર પોસ્ટ મૂકીને કહ્યું હતું કે તે ચૂંટણી પ્રક્રિયામાં લોકોનો વિશ્વાસ વધારવા માટે વીવીપેટના વ્યાપક ઉપયોગ માટેનું રાજકીય અભિયાન ચાલુ રાખશે.

## ચાલીસ જેટલી વખત અદાલતોએ ઇવીએમ અંગેની અરજીઓ ફગાવી છે

**નવી દિલ્હી.** આજે સુપ્રીમ કોર્ટે મતપત્રકોની પ્રથા તરફ પાછા વળવાની માગ ફગાવી તે પછી ચૂંટણી પંચના અધિકારીઓએ દાવો કર્યો હતો કે ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનોની વિશ્વસનિયતાને પડકારતી અરજીઓ વિવિધ બંધારણીય અદાલતોએ ઓછામાં ઓછા ૪૦ પ્રસંગોએ ફગાવી દીધી છે. આ અરજી ફગાવનારી અદાલતોમાં સુપ્રીમ કોર્ટ ઉપરાંત વિવિધ હાઇકોર્ટોનો પણ સમાવેશ થાય છે.

## ઇવીએમ-વીવીપેટ: ૨૦૧૯ના એક કિસ્સા સિવાય કોઇ મિસમેચ થયું નથી

**નવી દિલ્હી.** સુપ્રીમ કોર્ટે આજે જણાવ્યું હતું કે ૨૦૧૯થી અત્યાર સુધી ચૂંટણી પંચને એક ગરબડ સિવાય એક પણ વોટ મિસમેચ જોવા મળ્યુ નથી. ૨૦૧૯માં આંધ્રપ્રદેશની મીદુકુર બેઠક પર એક મિસમેચની ઘટના બની હતી અને તે પ્રિસાઇડિંગ ઓફિસરે મોક પોલનો ડેટા ડિલીટ કર્યો ન હતો તેથી થયું હોવાનુ જણાયું હતું.

## ચુકાદો ઉડતી નજરે

- સુપ્રીમ કોર્ટે જેની મતપત્રકોની પ્રથા તરફ પરત વળવાની માગ ફગાવી
- કહ્યું કે ઇવીએમ સલામત છે અન તેણે બૂથ કેપ્ચરિંગ અને બોગસ વોટિંગ નાબૂદ કર્યું છે
- સિમ્બોલ લોડિંગ યુનિટોના સિલિંગ અને સ્ટોરેજનો આદેશ, પરિણામ પછી ૪૫ દિવસ સુધી સાચવી રાખવા
- બીજા અને ત્રીજા ક્રમે આવેલા નિષ્ફળ ઉમેદવારો ફી ભરીને મતવિસ્તારના ૫ ટકા મશીનોના માઇક્રોકન્ટ્રોલરી ચિપ્સના વેરિફિકેશનની માગ કરી શકે
- જસ્ટિસ દીપંકર દત્તાએ પોતાનો ચુકાદો લખતા કહ્યું કે દેશને અપયશ આપવા, બદનામી કરવા અને તેની પ્રગતિને નબળી પાડવા વ્યવસ્થિત પ્રયાસો થઇ રહ્યા છે.
- જસ્ટિસ દત્તાએ એમ પણ કહ્યું કે ઇવીએમ્સ સમયની કસોટી પર પાર ઉતર્યા છે અને તેણે મતદાન ટકાવારી વધારી છે અને મતદારોએ હાલના સિસ્ટમમાં તેમનો વિશ્વાસ મૂક્યો છે.

## મતદારને વીવીપેટ સ્લીપ આપી દેવાથી સમસ્યાઓ ઉભી થશે: સુપ્રીમ કોર્ટ

**નવી દિલ્હી.** વીવીપેટ સ્લીપોનો ભૌતિક કબજો મતદારને આપી દેવાનું સમસ્યાભરેલું અને અવ્યવહારુ રહેશે અને તે દુરુપયોગ, ગેરરીતિ અને વિવાદો તરફ દોરી જશ એમ સુપ્રીમ કોર્ટે આજે કહ્યં હતું. આ સ્લીપો મતદારોને આપી દેવાથી તેનો દુરુપયોગ થઇ શકે

...અનુસંધાન પાના 9 પર

## EVMના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે બે મહત્વના આદેશ આપ્યા

**આજે** મતપત્રકો વડે મતદાનની માગણી ફગાવવાની સાથે ઇવીએમ સંદર્ભમાં પણ સુપ્રીમ કોર્ટે બે મહત્વના આદેશ આપ્યા હતા. ચૂટણી પરિણામમાં બીજા અને ત્રીજા સ્થાને આવેલા ઉમેદવારો માટે એક બારી ખોલી આપતા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તેઓ ચૂટણી પંચને ફી ચુકવીને,

...અનુસંધાન પાના 9 પર

## લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં 61 ટકા જેટલું શાંતિપૂર્ણ મતદાન

સૌથી વધુ મતદાન ત્રિપુરામાં ૭૮.૫૩ ટકા નોંધાયું, મણિપુરમાં ૭૭.૧૮ ટકા

**બીજા** તબક્કામાં હિંસાનો કોઇ બનાવ નહીં, કેટલાક સ્થળે ઇવીએમમાં ગરબડો અને બોગસ વોટિંગના બનાવો







**નવી દિલ્હી, તા. 26 (PTI):** લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં ૧૩ રાજ્યોમાં ૮૮ બેઠકો માટે આજે ૬૧ ટકા જેટલું મતદાન થયું હતું જેમાં ઇવીએમમાં તકલીફોની થોડીક ફરિયાદો ઉઠી હતી અને કેટલાક રાજ્યોમાં બોગસ વોટિંગના બનાવો નોંધાયા હતા.

સાત તબક્કાની આ ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન આજે સવારે ૭ વાગ્યે શરૂ થયું હતું અને સાંજે ૬ વાગ્યે પુરું થયું હતું. ઘણા રાજ્યોમાં સખત ગરમીની સ્થિતિનો અનુભવ થયો હતો. આ પહેલા પ્રથમ તબક્કાનું મતદાન ૧૯મી એપ્રિલના રોજ ૧૨ રાજ્યો અને સંઘપ્રદેશોમાં ૧૦૨ બેઠકો માટે યોજાયું હતું. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે મતદાન મોટેભાગે શાંતિપૂર્ણ રહ્યું હતું. સાંજે સાત વાગ્યાના કાચા આંકડાઓ ૬૦.૯૬ ટકા મતદાન થયું હોવાનું દર્શાવતા હતા, જે આંક તમામ મતદાન મથકોના આંકડા મળ્યા બાદ ઉંચે જઇ શકે છે એમ પંચે જણાવ્યં હતું. વધુમાં તેણે જણાવ્યું હતું કે મતદાન પુરુ થવાના સમય સુધી મતદાન મથકે પહોંચી રહેલા મતદારોને પણ તેમનો મત નાખવા દેવાતો હતો. આજે ચૂંટણી કોઇ પણ હિંસાના બનાવોથી મુક્ત રહી હતી, જો કે કેટલાક સ્થળે ઇવીએમમાં ગરબડના તો કેટલાક સ્થળે બોગસ મતદાનના બનાવો બન્યા હતા જેને કારણે તે સ્થળોએ મતદાન વિલંબીત બન્યું હતું. આજે સૌથી વધુ મતદાન ત્રિપુરમાં ૭૮.૫૩ ટકા નોંધાયું હતું, જ્યારે હિંસાગ્રસ્ત મણિપુરમાં ૭૭.૧૮ ટકા મતદાન નોંધાયું હતું. ઉત્તર પ્રદેશના મથુરા, રાજસ્થાનના બાંસવાડા અને મહારાષ્ટ્રના પરભણીના કેટલાક ગામોના મતદારો વિવિધ મુદ્દાઓ પર ચૂંટણી બહિષ્કાર કરી રહ્યા હતા પણ તેમને બાદમાં સત્તાવાળાઓએ મત આપવા માટે સમજાવી લીધા હતા. અનેક રાજ્યોમાં સખત ગરમી હતી. કેરળના ત્રણ જિલ્લામાં મતદાન કર્યા બાદ ત્રણ જણાના મોત થયા હોવાનું પણ નોંધાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે સાત તબક્કાની ચૂંટણીમાં છેલ્લા તબક્કાનું મતદાન પહેલી જૂને યોજાનાર છે જ્યારે મતગણતરી ચોથી જૂને થશે અને તે જ દિવસે પરિણામો સ્પષ્ટ થઇ જવાની આશા રાખવામાં આવે છે.

## જમ્મુ કાશ્મીરના રામબનમાં જમીન ધસી ગઇ, 50 ઘરો અને 4 વીજળીના ટાવરને નુકસાન

**ઘરોમાં** તિરાડો પડી, ગુલ અને રામબન વચ્ચેનો માર્ગ ધસી પડ્યો

**બનિહાલ-જમ્મુ, તા. 26 (PTI):** જમ્મુ અને કાશ્મીરના રામબન જિલ્લામાં એક માર્ગના ધસી પડવાના કારણે 50થી વધુ મકાનો, ચાર વીજળીના ટાવર, એક રીસીવિંગ સ્ટેશન અને મુખ્ય માર્ગને નુકસાન થયું હતું, એમ અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું.

રામબનના ડેપ્યુટી કમિશનર બસીર-ઉલ-હક ચૌધરીએ શુક્રવારે સવારે જિલ્લા મુખ્યાલયથી પાંચ કિલોમીટર દૂર પરનોટ ગામની મુલાકાત લીધી હતી અને અસરગ્રસ્ત પરિવારોને સહાય અને વીજળી સહિત આવશ્યક સેવાઓ પુનઃસ્થાપિત કરવાની ખાતરી આપી હતી. ઘરોમાં તિરાડો પડવા લાગી અને ગુરુવારે સાંજે પરનોટ ગામમાં અચાનક ગુલ અને રામબન વચ્ચેનો માર્ગ ધસી પડ્યો હતો, જેના કારણે કેટલાય પરિવારોને સુરક્ષિત સ્થળોએ જવાની ફરજ પડી હતી. જિલ્લા વિકાસ પરિષદના (ડીડીસી) અધ્યક્ષ શમશાદ શાન સાથે આવેલા

...અનુસંધાન પાના 9 પર

### સુરતના ભાજપના ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા તે ઘટના ટાંકીને PIL

## જો કોઈ મતવિસ્તારમાં નોટાને બહુમતિ મળે તો?: ચૂંટણી પંચનો જવાબ માગતી સુપ્રીમ

**નોટાને** સૌથી વધુ મત મળે તો નવેસરથી ચૂંટણી કરાવવા માગ

**નવી દિલ્હી, તા. 26 (PTI):** ચાલી રહેલી સામાન્ય ચૂંટણીમાં એક નોંધપાત્ર ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે આજે એક જાહેર હિતની અરજી પર ચૂંટણી પંચનો જવાબ માગ્યો હતો જે અરજીમાં માગણી કરવામાં આવી હતી કે જો નોટા(નન ઓફ ધ એબવ) ના વિકલ્પને કોઈ મતવિસ્તારમાં અન્ય ઉમેદવારો કરતા વધુ મત મળે તો ચૂંટણી રદ કરવી અને નવેસરથી ચૂંટણીનો આદેશ આપવો.

સર્વોચ્ચ અદાલતે લેખક, ચળવળકાર અને મોટીવેશનલ પ્રવચન કાર શિવ ખેરા દ્વારા રજૂ કરવામાં આવેલ જાહેર હિતની અરજી પર ચૂંટણી પંચને નોટિસ જારી કરી છે. નોટાનો વિકલ્પ મતદારોને ૨૦૧૩ના સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર આપવામાં આવે છે. ચીફ જસ્ટિસ વાય. વી. ચંદ્રચૂડ અને જસ્ટિસો જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બનેલી બેન્ચે ખેરા તરફે ઉપસ્થિત થયેલા વરિષ્ઠ ધારાશાસ્ત્રી ગોપાલ શંકરનારાયણની રજૂઆતોની નોંધ લીધી હતી અને નોટિસ જારી કરી હતી. શરૂઆતમાં બેન્ચ આ જાહેર હિતની અરજી પર વિચારણા કરવા અચકાતી હતી અને કહ્યું હતું કે આ બાબત પર નિર્ણય કારોબારીએ કરવાનો છે. બાદમાં તેણે અરજી હાથ પર લીધી હતી. અમે એક નોટિસ જારી કરીશું. આ ચૂંટણી પ્રક્રિયા અંગે પણ છે. અમને જોવા દો કે ચૂંટણી પંચે શું કહેવું છે...એમ સીજેઆઇએ કહ્યું હતું.

...અનુસંધાન પાના 9 પર

## કેજરીવાલે રાષ્ટ્રીય હિતની ઉપર રાજકીય હિત રાખ્યો તે દુર્ભાગ્યપૂર્ણ: દિલ્હી હાઈકોર્ટ

**દિલ્હી** સરકાર 'સત્તાનો લાભ ઉઠવવામાં રસ ધરાવે છે

**નવી દિલ્હી, તા. 26 (PTI):** દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે નગરપાલિકાની શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને પુસ્તકો ન આપવાના મુદ્દે શહેર સરકારની ઝાટકણી કાઢી હતી, અને કહ્યું હતું કે ધરપકડ પછી પણ અરવિંદ કેજરીવાલનું મુખ્યમંત્રી તરીકે ચાલુ રહેવું એ રાષ્ટ્રીય હિતની સામે રાજકીય હિતને પ્રાથમિકતા આપવા સમાન છે.

કોર્ટે કહ્યું કે દિલ્હી સરકાર 'સત્તાનો લાભ ઉઠવવામાં રસ ધરાવે છે.' આ પહેલાં દિલ્હી સરકારના વકીલે કહ્યું હતું કે આ બાબતે કેજરીવાલની અમુક મંજૂરીની જરૂર છે જેઓ 2021ની આબકારી નીતિના સંબંધમાં કથિત મની લોન્ડરિંગ કેસમાં કસ્ટડીમાં છે, ત્યારબાદ હાઈકોર્ટે ઉપરોક્ત અવલોકન કર્યું

...અનુસંધાન પાના 9 પર

તા. ૨૬-૦૪-૨૦૨૪નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૭.૪° સે. | ૨૭.૮° સે. | ૨૮% |

## અમેરિકામાં પોલીસે સ્વરક્ષણ માટે કરેલા ગોળીબારમાં ભારતીય મૂળના વ્યક્તિનું મૃત્યુ

**પોલીસ** અધિકારીઓ સચિન કુમારની ધરપકડ કરવા ગયા હતા પણ તેણે પોતાની ગાડીથી તેમને ટક્કર મારી હતી

**ન્યૂયોર્ક, તા. 26 (PTI):** અમેરિકામાં સેન એન્ટોનિયોમાં પોલીસ દ્વારા ગોળી ચલાવતા એક 42 વર્ષીય ભારતીય મૂળના શખ્સનું મૃત્યુ થયું હતું. એક મહિલા સામેના હિંસક હુમલાના કેસના સંબંધમાં બે પોલીસ જવાનો તેની ધરપકડ કરવાના પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે તેણે પોતાની ગાડીથી તેમને ટક્કર મારી હતી.

સચિન કુમાર સાહૂને 21 એપ્રિલના રોજ ટેક્સાસના એક શહેર સાન એન્ટોનિયોમાં પોલીસ અધિકારી ટાયલર ટર્નરે ગોળી મારી હતી, તેનું ઘટનાસ્થળ પર જ મૃત્યુ થયું હતું. બેક્સર કાઉન્ટી મેડિકલ એક્ઝામિનરની કચેરીએ જણાવ્યું હતું કે ગયા સપ્તાહના અંતે પોલીસ સાથેના ઝઘડા દરમિયાન સચિન કુમાર સાહૂનું અનેક ગોળી વાગવાથી મૃત્યુ થયું હતું, એમ એક મીડિયા અહેવાલમાં જણાવાયું હતું. સાહૂ મૂળ ઉત્તર પ્રદેશનો વતની છે. સૂત્રોએ જણાવ્યું હતું કે તે સ્વભાવિક રૂપે અમેરિકી નાગરિક હોઈ શકે છે. પ્રાથમિક તપાસ મુજબ, 21 એપ્રિલના રોજ સાંજે 6:30 વાગ્યા પહેલા, અધિકારીઓને સાન એન્ટોનિયોમાં ચેવિઓટ હાઇટ્સના એક ઘરમાં ઘાતક હથિયારથી ઉગ્ર હુમલા અંગેના અહેવાલ મળ્યા હતા જેના પગલે તેઓ ત્યાં ઘસી ગયા હતા, એમ પોલીસ વિભાગે જણાવ્યું હતું. ઘટના સ્થળ પર અધિકારીઓને એક 51 વર્ષીય મહિલા મળી, જેને ઇરાદાપૂર્વક વાહન દ્વારા ટક્કર મારવામાં આવી હતી. શંકાસ્પદ સાહૂ સ્થળ પરથી ભાગી ગયો હતો. પીડિતાને ગંભીર હાલતમાં સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સાન એન્ટોનિયો પોલીસ ડિટેક્ટિવ્સે તે ઘટનામાં સાહૂની ધરપકડ માટે વોરંટ જારી કર્યું હતું. કેટલાક કલાકો પછી, પડોશીઓએ પોલીસને ફોન કરીને જાણ કરી કે સાહૂ ઘટના સ્થળે પાછો ફર્યો છે. જ્યારે પોલીસે સાહુ પાસે જવાના પ્રયાસ કર્યા તેણે તેની બીએમડબ્લુ એસયુવી સાથે બે અધિકારીઓને ટક્કર મારી. એક અધિકારીએ પિસ્તોલથી સાહૂ પર ગોળી ચલાવી હતી, સાહુને 'ઘટના સ્થળ પર મૃત જાહેર કરવામાં આવ્યો' હતો.


